# એકતા દિવસની પરેડ પહેલાં જવાનોમાં ડેન્ગ્યુનો કહેર

**ગાંધીનગરમાં** આરોગ્ય તંત્ર એલર્ટ, 60થી વધુ જવાનો સારવાર માટે પહોંચ્યા

**34ને** હોસ્પિટલમાં દાખલ કરાયા; 14ના ડેન્ગ્યુ રિપોર્ટ પોઝિટિવ, 20માં વાયરલ ઇન્ફેક્શન

ગાંધીનગર: સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આગામી 31 ઓક્ટોબરે યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની પરેડની તૈયારીઓ વચ્ચે ગાંધીનગરમાં પરેડ પ્રેક્ટિસ માટે આવેલા જવાનોમાં તાવ, શરદી-ઉધરસ અને શારીરિક નબળાઈના કેસો સામે આવતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. છેલ્લા બે દિવસમાં 60થી વધુ જવાનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં સારવાર માટે પહોંચ્યા હતા, જેમાં તબિયત વધુ લથડેલા 34 જવાનોને ઈન્ડોર સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં કરાયેલા પ્રાથમિક રક્ત પરીક્ષણમાં 14 જવાનો ડેન્ગ્યુ પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે, જ્યારે અન્ય 20 જવાનોમાં વાયરલ ઈન્ફેક્શન અને તાવની અસર જોવા મળી છે. પરેડ માટે દેશના વિવિધ રાજ્યોમાંથી ગાંધીનગર આવેલા જવાનો કડક તાલીમ અને પ્રેક્ટિસ કરી રહ્યા છે ત્યારે અચાનક મોટી સંખ્યામાં જવાનો બીમાર પડતાં આરોગ્ય તંત્ર દ્વારા સઘન દેખરેખ શરૂ કરવામાં આવી છે. દાખલ તમામ જવાનોના લોહીના નમૂના તપાસ માટે મોકલવામાં આવ્યા છે અને કેટલાકના વધુ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. સિવિલ હોસ્પિટલના તબીબોની ટીમ દ્વારા દાખલ જવાનોના પ્લેટલેટ્સ સહિતના આરોગ્ય માપદંડો પર 24 કલાક નજર રાખવામાં આવી રહી છે. હાલ તમામ જવાનોની સ્થિતિ સ્થિર હોવાનું હોસ્પિટલ સૂત્રોએ જણાવ્યું છે.

### 6 લીટર લાર્વીસાઇડલ ઓઇલનો છંટકાવ, ગપ્પી માછલી પણ મુકાઈ

લાર્વા નિયંત્રણ માટે 6 લીટર મોસ્કિટો લાર્વીસાઇડલ ઓઇલનો છંટકાવ કરવામાં આવ્યો છે. કુદરતી જૈવિક નિયંત્રણના ભાગરૂપે જરૂરી સ્થળોએ ગપ્પી માછલીઓ પણ મુકવામાં આવી છે. જવાનોની તબીબી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સ્થળ પર જ આર્મી મેડિકલ સર્વિસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પરેડની પૂર્વ તૈયારીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ સઘન આરોગ્ય અને વેક્ટર કંટ્રોલ અભિયાન ચાલુ રાખવામાં આવશે.

### ગિફ્ટ સિટી નજીકના કેમ્પમાં ફોગિંગ, મચ્છરોના બ્રીડિંગનો સરવે

જવાનોમાં ડેન્ગ્યુના કેસ સામે આવતાં BSF અને ગાંધીનગર મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ સક્રિય બન્યું છે. ગિફ્ટ સિટી નજીક જવાનો માટે ઊભી કરાયેલી અસ્થાયી રહેણાંક વસાહત તેમજ પરેડ ગ્રાઉન્ડ વિસ્તારમાં ફોગિંગ અને જંતુનાશક દવાના છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. પાણી ભરાવાના સ્થળો દૂર કરવા અને આસપાસની સફાઈ વધુ કડક બનાવવામાં આવી છે. મહાનગરપાલિકાની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર્સ અને વેક્ટર કંટ્રોલની 6 વિશેષ ટીમોએ સેક્ટર-28 અને 29ના 20 બ્લોકમાં આશરે 660 રહેણાંક એકમોમાં ઇન્ડોર ફોગિંગ કર્યું હતું. આ દરમિયાન પાણીના કુંડ, વિવિધ પાત્રો અને ધાબા પરની ટાંકીઓ સહિત 538 પાત્રોનું સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. મચ્છરના બ્રીડિંગ મળી આવેલા 6 પાત્રોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

### 500 મીટરના વિસ્તારમાં પણ સઘન સર્વેલન્સ

મચ્છરજન્ય રોગચાળો વધુ ન ફેલાય તે માટે જવાનોની વસાહતની 500 મીટરની ત્રિજ્યામાં રિંગ સર્વેલન્સ હાથ ધરાયું હતું. સેક્ટર-29 શોપિંગ વિસ્તાર, જલારામ મંદિર, વંદેમાતરમ્ પાર્ક, બગીચો, પ્રાથમિક શાળા અને ચિલ્ડ્રન યુનિવર્સિટી સહિતના વિસ્તારોમાં 378 પાત્રોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 8 સ્થળે મચ્છરનું બ્રીડિંગ મળી આવતાં તેનો નાશ કરી ટેમીફોસ લાર્વીસાઇડિંગ કરવામાં આવ્યું હતું.

# ઈરાનના ડરથી અમેરિકન સૈનિકો ઈરાકમાંથી પણ ઉચાળા ભરી રહ્યા છે



પોતાની જાતને દુનિયાનો જમાદાર માનતું અમેરિકા તેના ઇતિહાસમાં એક પણ યુદ્ધ જીત્યું નથી; તો પણ તેની દાદાગીરીનો અંત આવતો નથી અને તે નવા યુદ્ધમાં ઝંપલાવવા માટે કાયમ તત્પર રહે છે. અમેરિકા વિયેતનામનું યુદ્ધ હાર્યું, કોરિયાનું યુદ્ધ હાર્યું અને અફઘાનિસ્તાનનું યુદ્ધ હાર્યું તેમ હવે ઈરાન અને ઈરાક સામેનું યુદ્ધ પણ હારી રહ્યું છે. તાજેતરના ખાડી યુદ્ધમાં ઈરાને અમેરિકાના સાથીઓ જેવા કે કુવૈત, બહેરીન, યુએઇ, જોર્ડન, ઓમાન, સાઉદી અરેબિયા અને મસ્કત પર એવા હવાઈ હુમલાઓ કર્યા કે આ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય અડ્ડાઓ ધ્વસ્ત થઈ ગયા છે. મળી રહેલા હેવાલો મુજબ અમેરિકી લશ્કર આ દેશો છોડીને પાછું જઈ રહ્યું છે.

૯/૧૧ના આતંકવાદી હુમલા પછી અમેરિકાએ ઈરાક પર આક્રમણ કર્યું હતું. તેની શરૂઆત ૨૦૦૩ માં ઇરાક પર અમેરિકાના આક્રમણથી થઈ હતી, જેણે સદ્દામ હુસૈનની સરકારને ઉથલાવી દીધી હતી. ઇરાક પર હુમલો કરવા માટે અમેરિકાએ એવું બહાનું ઊભું કર્યું હતું કે ઇરાક પાસે સમૂહસંહારનાં શસ્ત્રો છે. ઇરાકમાં સમૂહસંહારનાં કોઈ શસ્ત્રો ન મળ્યાં તો પણ અમેરિકાનું લશ્કર ત્યાં ઠરીઠામ થઈ ગયું હતું. ત્યાર બાદ ઈરાકે વિવિધ ધાર્મિક સમુદાયો વચ્ચે વર્ષો સુધી બળવા અને હિંસાનો સામનો કરવો પડ્યો. અમેરિકન સૈનિકો ૨૦૧૧ માં ઇરાક છોડી ગયા હતા પરંતુ ૨૦૧૪ માં ઇસ્લામિક સ્ટેટ અથવા ISIS ને હરાવવામાં મદદ કરવા માટે પાછા ફર્યા હતા.

હવે કોઈ પણ જાતના ઊહાપોહ વગર ઇરાકમાં બાકી રહેલા અમેરિકન સૈનિકો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં પાછા ફરી ગયા છે, જે બે દાયકાથી ચાલી રહેલી અમેરિકન લશ્કરી હાજરીનો અંત છે, જેની ઇરાક પર ઊંડી અસર પડી છે. અમેરિકી સૈનિકોના પાછા ખેંચવાની ક્રિયા એવા સમયે થઈ રહી છે જ્યારે ઈરાન સાથે ચાલી રહેલા તણાવને કારણે ફરી એક વાર ઈરાકમાં અમેરિકી કર્મચારીઓ અને સૈનિકો પર હુમલાનું જોખમ વધી ગયું છે. તેનાથી ડરીને અમેરિકાના સૈનિકો ઇરાક છોડી રહ્યા છે અને ઇરાકનાં લોકોને અલ્લાહને ભરોસે મૂકીને પાછા જઈ રહ્યા છે. અમેરિકન સૈનિકોનું આ પાછું ખેંચવું ૨૦૨૪ માં અમેરિકા અને ઈરાક વચ્ચેના કરાર હેઠળ થઈ રહ્યું છે. આ કરારમાં ઓપરેશન ઇનહેરન્ટ રિઝોલ્વનો અંત સામેલ હતો, જે ISIS સામે ચલાવાઈ રહ્યું છે.

૨૦૦૭ માં જ્યારે ઇરાક યુદ્ધ ચરમસીમાએ હતું, ત્યારે ઈરાકમાં ૧,૭૦,૦૦૦ થી વધુ અમેરિકન સૈનિકો તૈનાત હતા. ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં આ સંખ્યા ઘટીને ૨,૪૦૦ થઈ ગઈ હતી. ત્યારથી અમેરિકન સૈન્યે ઇરાકમાં તેની હાજરી સતત ઘટાડી છે. કુર્દિસ્તાન ક્ષેત્રમાં હવે ખૂબ જ ઓછી સંખ્યામાં અમેરિકન સૈનિકો બાકી રહ્યા છે. અગાઉની ઇરાકી સરકાર હેઠળ અમેરિકન સૈનિકો પાછા ખેંચવાની સંમતિ થઈ હતી કારણ કે ઇરાકમાં ISIS ને હરાવવાના અભિયાને તેનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું હતું. આ નિર્ણય પાછળ ઇરાકમાં લાંબા સમયથી ચાલતું રાજકીય દબાણ પણ છે.

ઇરાકી સરકારો પર અમેરિકન સૈનિકોની હાજરી સમાપ્ત કરવા માટે દબાણ કરવામાં આવ્યું છે, જેને ઘણાં લોકો ઇરાકના સાર્વભૌમત્વમાં દખલ માને છે. ઈરાની તરફેણકારી જૂથો અને શિયા સમુદાયના કેટલાક ભાગોના દબાણ હેઠળ કેટલીક ઇરાકી સરકારો અમેરિકન સૈનિકો દેશમાંથી નીકળી જાય તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહી છે. રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન ૨૦૧૧ માં અમેરિકન સૈનિકો ઇરાક છોડી ગયા હતા. ત્રણ વર્ષ પછી ઈરાકની વિનંતી પર તેઓ પાછા ફર્યા હતા, કારણ કે ISIS એ ઈરાકના મોટા ભાગો પર કબજો જમાવ્યો હતો. આ પછી અમેરિકન સૈનિકોની ભૂમિકા પણ બદલાઈ ગઈ હતી. યુદ્ધમાં સીધા ભાગ લેવાને બદલે તેમણે ઇરાકી સૈનિકોને તાલીમ અને સલાહ આપવાનું અને ગુપ્ત માહિતી શેર કરવાનું શરૂ કર્યું હતું.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

વિશ્લેષકો કહે છે કે આ મહિને સૈનિકોને પાછા ખેંચી લેવાનું કારણ ફક્ત ISIS વિરોધી અભિયાનના સત્તાવાર અંતને કારણે નથી, પરંતુ સુરક્ષા ચિંતાઓને કારણે પણ છે. બ્રિટિશ થિંક ટેન્ક RUSI ના સિનિયર એસોસિયેટ ફેલો હેલિયર કહે છે કે આ પ્રક્રિયા ISIS વિશે નથી, તે ઈરાનના ખતરા વિશે છે. ISIS ની દલીલ વર્ષો પહેલાં સમાપ્ત થઈ ગઈ હતી. હેલિયરે ઈરાન સાથે સંકળાયેલા પ્રાદેશિક તણાવ વચ્ચે ઉત્તરી ઇરાકમાં અમેરિકન બેઝ પરના તાજેતરના હુમલાઓનો ઉલ્લેખ કર્યો છે. તેમનું કહેવું છે કે અમેરિકાને એવું લાગવા લાગ્યું હતું કે ત્યાંથી નીકળી ગયેલા તેના સૈનિકો અને કર્મચારીઓ સરળતાથી હુમલાનું નિશાન બની શકે છે. અલ-અમીન નામના રાજનીતિ નિષ્ણાત કહે છે કે અમેરિકી અને ઇરાકી અધિકારીઓએ અગાઉ ગઠબંધનના મિશનના અંત પછી પણ ઇરાકમાં ઓછી સંખ્યામાં અમેરિકન સૈનિકો રાખવા અંગે ચર્ચા કરી હતી.

અમેરિકન સૈનિકોની ઓછી સંખ્યા અને મર્યાદિત ક્ષમતાને કારણે ઈરાન યુદ્ધે સ્પષ્ટ કરી દીધું કે તેમની હાજરી નુકસાનરૂપ બની ગઈ છે. અમેરિકાનો હજુ પણ ઇરાકમાં નોંધપાત્ર પ્રભાવ છે, કારણ કે ઇરાક તેલના વેચાણ માટે અમેરિકન ડોલર પર આધાર રાખે છે. તે શસ્ત્રો ખરીદવા માટે પણ અમેરિકા પર આધાર રાખે છે. ઇરાકને તેના પડોશી દેશો સાથેના પડકારોનો સામનો કરવા માટે અમેરિકાના રાજદ્વારી સમર્થનની પણ જરૂર છે. આ પ્રભાવનો ખ્યાલ ઇરાકમાં અમેરિકાની રાજદ્વારી હાજરીથી આવે છે. બગદાદમાં વિશ્વનું સૌથી મોટું અમેરિકન દૂતાવાસ છે. ઇરાક પર અમેરિકાના આક્રમણના બે દાયકાથી વધુ સમય પછી પણ ત્યાં અમેરિકાના લશ્કરી વારસા અંગે મંતવ્યો વિભાજીત છે. અલ-અમીન તેને સારા અને ખરાબ પરિણામોનાં મિશ્રણ તરીકે વર્ણવે છે. તેઓ કહે છે કે અમેરિકન હુમલો તેનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયો છે. શાસન પરિવર્તન પણ સ્થિર અને સમૃદ્ધ દેશ માટેની ઇરાકી લોકોની આશાઓને પૂર્ણ કરી શક્યું નહીં. આનાથી સમગ્ર ક્ષેત્ર અસ્થિર થયું અને ઈરાનને પોતાનો પ્રભાવ વધારવાની તક મળી. શાસન પરિવર્તનનો આ સમયગાળો તોફાની રહ્યો છે. પરંતુ તેઓ કહે છે કે વર્ષોથી ઘણા ઇરાકીઓએ તેમને કહ્યું છે કે તેઓ સદ્દામ હુસૈનને હટાવ્યા પછી થયેલા રાજકીય પરિવર્તનને મહત્ત્વપૂર્ણ માને છે. આ વિચાર હવે મૂળ પકડી ચૂક્યો છે કે ઇરાકનું શાસન પ્રતિનિધિ લોકશાહી દ્વારા થવું જોઈએ.

વોશિંગ્ટનમાં અમેરિકન યુનિવર્સિટી ખાતે ગ્લોબલ કુર્દિશ ઇનિશિયેટિવ ફોર પીસના ડિરેક્ટર યેરેવન સૈદ પણ આ પરિવર્તનને સકારાત્મક માને છે. તેઓ કહે છે કે પહેલાંની સરકારને હટાવવી એ ખરેખર મોટી વાત હતી. ભ્રષ્ટાચાર યથાવત્ છે, પરંતુ ૨૦૦૩ પહેલાં કરતાં હવે ઇરાકમાં વધુ રાજકીય સ્વતંત્રતા અને વિવિધ રાજકીય વિચારો માટે જગ્યા છે. તેઓ ખાસ કરીને ઇરાકી કુર્દીસ્તાનનું ઉદાહરણ આપે છે. હેલિયર આ વારસાને લોકશાહીના સંદર્ભમાં જોવાનો ઇનકાર કરે છે. તે કહે છે કે લોકોએ એ પૂછવાનું બંધ કરવું જોઈએ કે શું અમેરિકાએ લોકશાહી બનાવી છે. અમેરિકાના વારસાનો સમગ્ર પ્રદેશ પર વધુ પ્રભાવ પડ્યો છે. સદ્દામને સત્તા પરથી દૂર કર્યા પછી, ઈરાન સાથે જોડાયેલા નેટવર્ક ઈરાકી સરકારમાં પગપેસારો કરવામાં સફળ રહ્યા છે.

ચારેય નિષ્ણાતો સંમત છે કે ઇરાકમાં ભ્રષ્ટાચાર વ્યાપક છે અને સશસ્ત્ર જૂથો હજુ પણ સરકારની સાથે સત્તા પર કબજો જમાવે છે. આમાં ઇરાકના પોપ્યુલર મોબિલાઇઝેશન ફોર્સિસ (PMF) ની અંદરના કટ્ટરપંથી જૂથોનો સમાવેશ થાય છે. PMF એ મોટે ભાગે શિયા લશ્કરનું નેટવર્ક છે, જેને ઈરાક સંપૂર્ણ સરકારી નિયંત્રણ હેઠળ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. સૌથી મોટી અનિશ્ચિતતા ઇરાકમાં ઈરાન સમર્થિત આતંકવાદી જૂથો અંગે છે. ઇરાકી વડા પ્રધાન અલી અલ-ઝૈદી શરૂઆતમાં ઇચ્છતા હતા કે આ જૂથોને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણ સરકારી નિયંત્રણ હેઠળ લાવવામાં આવે. આ સમયમર્યાદા કેટલી વ્યવહારુ છે તે અંગે નિષ્ણાતોમાં મતભેદ છે.

નિષ્ણાતો કહે છે કે અમેરિકન સૈનિકોને પાછા ખેંચી લેવાથી ઇરાક અને સમગ્ર ક્ષેત્રમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શક્તિ સંતુલન અંગે નવા પ્રશ્નો ઊભા થાય છે. તેમને ISISના પુનરુત્થાનનો પણ ડર છે. અમેરિકન સૈનિકોના ગયા પછી બગદાદમાં શિયા-નેતૃત્વવાળી સરકારે સુન્ની નેતાઓની ધરપકડ કરવાનું અને તેમને રાજકીય પ્રક્રિયામાંથી બાકાત રાખવાનું શરૂ કર્યું છે. આ કાર્યવાહીથી ઘણા સુન્નીઓને કટ્ટરપંથીતા તરફ ધકેલી દેવામાં આવ્યા અને ISના ઉદયમાં મદદ મળી છે. સુન્ની સમુદાયો ફરી એક વાર ચિંતિત છે કે તેમની સાથે કેવું વર્તન કરવામાં આવશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**નિષ્ણાતો કહે છે કે અમેરિકન સૈનિકોને પાછા ખેંચી લેવાથી ઇરાક અને સમગ્ર ક્ષેત્રમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શક્તિ સંતુલન અંગે નવા પ્રશ્નો ઊભા થાય છે**

# નવરાત્રિ પહેલાં વેપારીઓને મોંઘવારીનો ફટકો, કોમર્શિયલ LPGમાં ફરી ભાવવધારો

**જાન્યુઆરીથી** સિલિન્ડર રૂ.1,122.50 મોંઘો; નાના હોટલ-ઢાબા, ફરસાણ-મીઠાઈ અને કેટરિંગ વ્યવસાયકારો પર ખર્ચનો બોજ વધ્યો

અમદાવાદ: નવરાત્રી અને દશેરા જેવા તહેવારોની શરૂઆત વચ્ચે જ કોમર્શિયલ LPGના ભાવમાં ફરી વધારો થતાં અમદાવાદના નાના-મધ્યમ ખાદ્ય વ્યવસાયકારો પર ખર્ચનો બોજ વધ્યો છે. તા. 1 ઓક્ટોબરથી અમદાવાદમાં 19 કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડરનો ભાવ રૂ..2,831.50 થયો છે, જે સપ્ટેમ્બરના રૂ. 2,768ના ભાવ કરતાં રૂ. 63.50 વધુ છે. તહેવારો દરમિયાન નાના વ્યવસાયકારોના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા તાત્કાલિક આર્થિક રાહતના પગલાં લેવામાં આવે, તેવી માગણી પ્રદેશ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, દેશમાં રોજિંદી જરૂરી વસ્તુઓની સાથોસાથ ઘરેલુ સીલીન્ડર, વાણીજ્ય ગેસના સીલીન્ડરના ભાવ સતત આસમાન આંબી રહ્યા છે. મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોનું રસોડાનું બજેટ તૂટી ગયું છે. ત્યારે ભાજપ સરકારે દેશ અને ગુજરાતની જનતા સાથે છેતરપીંડી-વિશ્વાસઘાત કર્યો છે. પેટ્રોલ-ડીઝલ-સીએનજી-પીએનજી સહિતના ઈંધણમાં સતત વધારો ઝીંકવામાં આવ્યો છે. છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્રની મોદી સરકારે દેશના ૧૪૦ કરોડ નાગરિકોના ખિસ્સામાંથી ૪૦ લાખ કરોડ રૂપિયા સેરવી લીધા છે. લોકોની આવક ઘટતી જાય છે અને સતત ભાવ વધારા, મોંઘવારીના લીધે ખર્ચમાં સતત ઉમેરો થઈ રહ્યો છે.

ખેડૂતો હોય કે ગરીબ - સામાન્ય વર્ગના પરિવારો આર્થિક પાયમાલીમાં ધકેલાઈ રહ્યાં છે, જે ચિંતાનો વિષય છે. નાના હોટલ માલિકો, ઢાબા સંચાલકો, ફરસાણ-મીઠાઈના વેપારીઓ અને કેટરર્સ મોટી કોર્પોરેટ કંપનીઓ નહીં પરંતુ હજારો પરિવારોની રોજીરોટી સાથે જોડાયેલા નાના ઉદ્યોગકારો છે. આવા વ્યવસાયકારો પર વારંવાર કોમર્શિયલ LPGના ભાવવધારાનો બોજ મૂકવો યોગ્ય નથી.

# UPIના MDR સામે અમદાવાદમાં વિરોધ, વેપારીઓ રસ્તા પર ઊતર્યા

**કાળી** પટ્ટી-પોસ્ટર સાથે વેપારીઓનો વિરોધ- 'ઓનલાઈન સામે માંડ ટકી રહ્યા છીએ, હવે MDRનો વધારાનો બોજ કેમ?' ઉઠાવ્યો સવાલ

અમદાવાદ: UPI ટ્રાન્ઝેક્શન પર લાગુ થનારા વેપારી ડિસ્કાઉન્ટ દર (MDR) લાગુ કરવાની જોગવાઈના વિરોધમાં અમદાવાદમાં વેપારીઓનો રોષ રસ્તા પર જોવા મળ્યો હતો. અમદાવાદ વેપારી મહાસંગઠનના નેજા હેઠળ ઈલેક્ટ્રોનિક્સ વેપારીઓએ કાળી પટ્ટી ધારણ કરી અને હાથમાં વિવિધ પોસ્ટરો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વેપારીઓએ UPI પેમેન્ટ પર MDRની જોગવાઈ તાત્કાલિક રદ કરવાની માંગ કરી હતી.

અમદાવાદમાં રીલીફ રોડ, માધુપુરા, ઢાલગરવાડ સહિતના અનેક વિસ્તારામાં જુદા જુદા વેપારીઓએ કાળી પટ્ટી ધારણ કરી રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી સરકારના નિર્ણયનો ભારે સુત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. વેપારીઓના જણાવ્યા પ્રમાણે પહેલેથી જ ઓનલાઈન માર્કેટ સાથે આકરી સ્પર્ધાનો સામનો કરી રહ્યા છે. ગ્રાહકોને ઓનલાઈન પ્લેટફોર્મ તરફથી મળતી કિંમત અને ઓફરો વચ્ચે સ્થાનિક વેપારીઓ માટે બજારમાં ટકી રહેવું પડકારરૂપ બની રહ્યું છે. આવા સંજોગોમાં UPI ટ્રાન્ઝેક્શન પર MDRનો વધારાનો ખર્ચ વેપારીઓની મુશ્કેલીમાં વધુ વધારો કરશે તેવી વેપારીઓએ ચિંતા વ્યક્ત કરી હતી. GST, પર્સનલ ટેક્સ, મનપા વેરા સહિત વિવિધ પ્રકારના કર અને અન્ય ખર્ચ ચૂકવી રહ્યા છે. ત્યારે રોજિંદા વ્યવહારો માટે ઉપયોગમાં લેવાતી UPI પેમેન્ટ સિસ્ટમ પર વધુ MDRનો બોજ શા માટે મૂકવો જોઈએ.

વિરોધ કરી રહેલા વેપારીઓએ આક્ષેપ કર્યો હતો કે ઓનલાઈન વેપાર સામે માંડ ટકી રહેલા સ્થાનિક ઈલેક્ટ્રોનિક્સ વેપારીઓ માટે MDR વધુ એક આર્થિક પડકાર બની શકે છે. વેપારીઓના જણાવ્યા મુજબ, દરેક UPI વ્યવહાર સાથે વધતો ખર્ચ અંતે તેમના નફાના માર્જિનને અસર કરી શકે છે. UPIના વધતા ઉપયોગથી વેપારીઓ અને ગ્રાહકો બંને માટે ચુકવણી પ્રક્રિયા સરળ બની છે. ક્યારેક છુટા પૈસાની માથાકુટ પણ થતી નથી. MDR લાગુ થવાથી આ વ્યવસ્થામાં વધારાનો ખર્ચ ઊભો થશે અને તેની અસર વેપારીઓ પર પડશે. તેથી UPI ટ્રાન્ઝેક્શન પર MDRની જોગવાઈ પાછી ખેંચી લેવી જોઈએ, તેવી ઉગ્ર માંગ કરી હતી.

## BUSINESS મિત્ર

# આઠ સપ્તાહમાં સેન્સેક્સમાં 6590 પોઇન્ટનો કડાકો

**શેરબજારમાં** 25 વર્ષની સૌથી મોટી મંદી: 8 અઠવાડિયામાં રોકાણકારોના ₹26 લાખ કરોડ સ્વાહા

**રૂપિયો** બે મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે ભારતીય શેરબજારમાં સતત વેચવાલીએ તૂટતો જોવા મળ્યો હતો. જેમાં શેરબજાર સતત આઠ સપ્તાહથી કડાકો બોલાઇ રહ્યો છે, તેનાથી રોકાણકારો ભયભીત દેખાઈ રહ્યા છે. ભારતીય શેરબજારમાં અવિરત ધોવાણનો દૌર થમવાનું નામ લઈ રહ્યો નથી.

છેલ્લા 25 વર્ષમાં શેરબજારમાં જોવા મળેલો મંદીનો સૌથી લાંબો ગાળો છે. આ ઐતિહાસિક મંદીના વાવાઝોડામાં રોકાણકારોના આશરે રૂ. 26 લાખ કરોડ હોમાઇ ગયા છે. ઉલ્લેખનીય છે કે, વર્તમાન કડાકાનો સમયગાળો વર્ષ 2020ના કોવિડ ક્રેશ અને 208ની વૈશ્વિક આર્થિક મંદી કરતા પણ વધુ લાંબો સાબિત થયો છે. જોકે, 2 ઓકટોબરે શેરબજારમાં બંધ રહ્યું હતું, તે પુર્વે સેન્સેક્સ 570 પોઇન્ટ ગબડીને 71909 અને નિફ્ટી 198 પોઇન્ટ ઘટીન 22421ની નીચલી સપાટીએ બંધ રહ્યા હતા. છેલ્લા આઠ અઠવાડિયાની સતત મંદીમાં ભારતીય શેરબજારમાં તારાજીના આંકડા નીચે મુજબ છે. સેન્સેક્સ અને નિફ્ટી 8.7 ટકા એટલે કે 2149 પોઇન્ટ અને 8.4 ટકા એટલે કે 6590 પોઇન્ટ તૂટયો હતો. બીએસઇ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. 26 લાખ કોરડથી ઘટીને રૂ. 467 લાખ કરોડની નીચે સરકી ગઈ છે. જ્યારે ગત સેશનમાં નિફ્ટી 3.1 ટકા અને સેન્સેક્સ 2.7 ટકાનું મોટું ગાબડું નોંધાયું છે.

બીજી તરફ, યુએસ બોન્ડ યીલ્ડમાં 2022 પછીનો રેકોર્ડ ઉછાળો અમેરિકામાં 10 વર્ષના ટ્રેઝરી બોન્ડની યીલ્ડ વધીને 5.33 ટકાથી 5.34 ટકાની ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગઈ છે. જે 2022 પછીનો સર્વોચ્ચ સ્તર છે. ક્રુડ ઓઇલ 100 ડોલરને પાર પશ્ચિમ એશઈયામાં વકરેલા તણાવના કારણે ગ્લોબલ માર્કેટમાં બ્રેન્ટ ક્રુ ફરી 100 ડોલર પ્રતિ બેરલને વટાવી ગયું છે. આ સિવાય રૂપિયો નબળો પડ્યો છે, જે તૂટીને 96.30ને પાર નીકળી ગયો છે. જેથી એફઆઈઆઈની વેચવાલી વધી શકે છે.

# એપ્રિલથી સપ્ટેમ્બરમાં મેઈનબોર્ડમાં 78 IPO આવ્યા

**78 આઇપીઓમાંથી** વિક્રમી રૂ. 94205 કરોડ એકત્ર કર્યા

મુંબઇ, તા. 2: એપ્રિલ-સપ્ટેમ્બર 2026 દરમ્યાન એટલે કે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ છ મહિનામાં, દેશમાં મેઈનબોર્ડ સેગમેન્ટમાં 78 નવા આઈપીઓ આવ્યા હતા. તેના દ્વારા રેકોર્ડ રૂ. 94205 કરોડ એખત્ર કરવામાં આવ્યા હતા. આ રકમ એક વર્ષ પહેલાની તુલનામાં 35 ટકા વધુ છે. આ અંગેના અહેવાલ અનુસાર ગત વર્ષે એપ્રિલથી સપ્ટેમ્બરમાં મેઈનબોર્ડ સેગમેન્ટમાં 65 આઈપીઓ આવ્યા હતા, તેમની મદદથી રૂ. 69533 કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા. એપ્રિલથી સપ્ટેમ્બર 20206માં એકત્ર થયેલી એક લાખ કરોડ રૂપિયા હતી, જેમાં મેઈનબોર્ડ આઈપીઓ અને એસએમઇ આઈપીઓ સામેલ છે. એક વર્ષ પહેલા આ જ સમયગાળામાં આ આંકડો રૂ. 76330 કરોડ હતો. એનએસઈનો આઈપીઓ આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં બહાર આવ્યો હતો, જેની કિંમત રૂ. 22562.71 કરોડ હતી. આ ઉપરાંત, જુલાઇમાં એસબીઆઇ ફંડસ મેનેજમેન્ટ આઈપીઓમાંથી રૂ. 9895.32 કરોડ અને મણિપાલ હેલ્થ એન્ટરપ્રાઈઝે રૂ. 9275.22 કરોડ એકત્ર કર્યા હતા.પીટીઆઇ જણાવ્યા અનુસાર પ્રાઈમ ડેટા બેઝના એમડી પ્રણ હલ્દિયાએ જણાવ્યું હતું કે, મેઈનબોર્ડ આઈપીઓમાંથી રેકોર્ડ સ્તરે ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે, જ્યારે વર્ષ ખુબ જ ધીમું હતું અને પ્રથમ ત્રણ મહિનામાં માત્ર રૂ. 3794 કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા. તદઉપરાંત 6 મહિનાના મોટા ભાગના સમય માટે શેરબજારો અસ્થિર રહ્યા હતા.

રિપોર્ટ અનુસાર, આઈપીઓ પ્રવૃત્તિઓનો આઉટલુક સારો છે. સેબીની મજૂંરીથી કુલ 154 કંપનીઓ આશરે રૂ. 2.78 લાખ કરોડ એકત્ર કરવાની તૈયારી કરી રહી છે. તે જ સમયે, 102 કંપનીઓ સેબીની જુરીની રાહ જોઇ રહી છે. આ કંપનીઓ આઈપીઓથી રૂ. 1.87 લાખ કરોડ સુધી એકત્ર કરી શકે છે. આંકડા અનુસાર એપ્રિલ-સપ્ટેમ્બર 2026 દરમ્યાન, કંપનીઓએ રૂ. 2.43 લાખ કરોડ એકત્ર કર્યા હતા, જેમાં મેઈનબોર્ડ આઈપીઓ, એસએમઇ આઈપીઓ, ઈન્સ્ટીટયુશનલ પ્લેસમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટમાંથી એકત્ર કરવામાં આવેલી રકમનો સમાવેશ થાય છે.

# ટ્રસ્ટની આવકની ગણતરી કેવી રીતે થાય?

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

આવકવેરા કાયદાની કલમ-11 થી 13 હેઠળ ધાર્મિક/ ટ્રસ્ટ / સંસ્થાઓ બાબતે તેઓની મિલ્કતમાંથી મળતી આવક બાબતે ગણતરી અંગેના નિયમો નીચે મુજબ છે.

આ નિયમો અંગે વર્ષોથી જે માપદંડ રહ્યો છે એના ઉપર ચર્ચા કરતા પહેલાં આ.વ. 2022-23 થી આવેલ સુધારા અંગે જોઈશું.

(1) ટ્રસ્ટોને પોતાની આવક સામે જાવક વધુ હોય તો તેઓને નફાને બદલે નુકશાન (Deficit) થાય છે અને આ નુકશાન ધંધાકિય નુકશાન ગણીને ત્યાર પછીના વર્ષોની આવક સામે

સેટ-ઓફ મળે છે. પરંતુ A.Y 2022/23 થી આ નુશાની હવે આવક સામે સેટ-ઓફ મળશે નહિ. હવે આ નુકશાની થવાનું કારણ એ છે કે ટ્રસ્ટની મિલ્કતો ઉપર ઘસારાની રકમ મોટી

હોય, ખર્ચાઓ કેપિટલ કે ફંડમાંથી કર્યા હોય, ટેક્ષ રાહત કપાત બાદ લીધી હોય એ સંજોગોમાં નુકશાનીના વર્ષમાં ટ્રસ્ટો એ ફરજિયાત આવક જાવક ખાતામાં NIL આવક દર્શાવલાની જો

કે ટ્રસ્ટના એક ખાતાની નુકશાની તેજ વર્ષમાં બીજા ખાતાનો નફા સામે બાદ મળશે.

(2) ઉપર જણાવ્યું તેમ ટ્રસ્ટો વાણિજિયક (Mercantile) પધ્ધતિથી હિસાબ રાખતા હોય તો ચૂકવવાપાત્ર ખર્ચાઓ પણ બાદ મળતા હોય છે અને આવા ખર્ચાઓ વપરાશ

(Applicahon) ગણીને બાદ માંગી શકાય. A.Y. 2022/23 થી હવે ખરેખર ચૂકવણી થયેલ ખર્ચાઓ જ બાદ મળશે. ટ્રસ્ટોએ હિસાબો રોકડ પધ્ધતિથી રાખવા પડશે.

(3) પ્રશ્ન એ ઉભો થાય છે આવકની ગણતરી આવકના શીર્ષક (Headwise) મુજબ ગણીને એમાંથી એડ હોક કપાતો (Stathtory deduchms) બાદ મળી શકે. કોર્ટો સમક્ષ આ પ્રશ્ન ઉભો થયો કે મકાન-મિલ્કતની આવકમાંથી 30 ટકા કપાત બાદ મળે ?

**સુરત ટ્રીબ્યુનલનો ચૂકાદો**

સુરત ટ્રીબ્યુનલે અમલસાડ વિભાગ કેળવણી મંડળ વિ. ITO ના કેઈસમાં એવું ઠરાવ્યું કે કરદાતા ટ્રસ્ટે ભાડાની આવક સામે 30 ટકા સ્ટાન્ડર્ડ કપાત બાદ માંગી હતી જેમાં આવકવેરા અધિકારીએ નોંધ્યું હતું કે કલમ-11 થી 13 એની સ્પેશિયલ જોગવાઈઓ કાયદામાં જ કરમુકિતને પાત્ર છે જેમાં શીર્ષક મુજબની આવક ગણવાની નથી અને ધંધાદારી વેપારીઓને લગતી સામાન્ય જોગવાઈઓને આ ટ્રસ્ટની જોગવાઈઓ ઉપરવટ (override) કરે છે. ધર્માદા ટ્રસ્ટોની ગ્રોસ રીસીપ્ટ અને વપરાશ (Appli cahons) ને ધ્યાનમાં લઈને આકારણી થાય છે. અધિકારીના ઓર્ડરને ટ્રીબ્યુનલે માન્ય રાખ્યો.

**હિન્દુસ્તાન વેલ્ફેર ટ્રસ્ટ વિ.**

DIT ના કેઈસમાં કલકત્તા હાઈકોર્ટે તથા મદ્રાસ હાઈકોર્ટે રાય બહાદુર કાલાવલ કુન્નન એંટ્રીમાં એવુ ઠરાવ્યુ કે ટ્રસ્ટની રીઅલ આવકને ધ્યાનમાં લેવાની છે.

**કેપિટલ ખર્ચ**

જો કે મિલ્કતની ખરીદી વપરાશ/ ખર્ચ તરીકે આવકમાંથી બાદ મળે પરંતુ જે મિલ્કત ઉપર ઘસારો બાદ લીધો હોય તો તેની ખરીદ કિંમત બાદ મળશે નહિં.

# વિદેશી રોકાણકારોએ ચાર દિવસમાં રૂ. 35000 કરોડના શેર વેચ્યા

**આ અઠવાડિયામાં** રોકાણકારોના 20 લાખ કરોડ રૂપિયા સ્વાહા

મુંબઇ, તા. 2: ભારતીય શેરબજાર સતત ઘટતો જોવા મળી રહ્યો છે. આજે ગાંધી જયંતિના પગલે શેરબજારમાં જાહેર રજા હોવાથી આ સપ્તાહમાં માત્ર ચાર દિવસ જ બજાર ચાલુ રહ્યું હતું. જે ચારેય દિવસ લાલ નિસાનમાં રહ્યા હતા. જેમાં મુખ્ય કારણ વિદેશી રોકાણકારોની વેચવાલી છે. આ સમયગાળામાં વિદેશી રોકાણકારોએ આશરે રૂ. 35000 કરોડના શેર વેચ્યા છે. જેની સીધી અસર શેરબજાર પર જોવા મળી હતી.

શેરબજારના ડેટા પર નજર નાખતા પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે. વિદેશી રોકાણકારો દરરોજ સરેરાશ રૂ. 5000 કરોડથી વધુના શેર વેચી રહ્યા છે. 28 સપ્ટેમ્બરે રોકાણકારોએ રૂ. 5353.22 કરોડના શેર વેચ્યા હતા. બીજા દિવસે 29મીએ રૂ. 9980.22 કરોડ, 30મીએ રૂ. 10148.41 કરોડ અને 1લીએ રૂ. 9484.22 કરોડ એટલે કે રૂ. 34966 કરોડની મોટી રક પાછી ખેંચી લીધી છે.

બીજી તરફ, વિદેશી રોકાણકારો સતત શેર વેચી રહ્યા છે, ત્યારે ડીઆઈઆઈ બજારને ઘટતું અટકાવવા માટે પ્રયાસ કરી રહ્યા છએ. ડીઆઈઆઈ સતત ખરીદી સાથે બજારને ટેકો આપી રહ્યા છે. 29 સપ્ટેમ્બરે રૂ. 5189 કરોડનું રોકાણ કર્યુ હતું, બાદમાં 29મીએ રૂ. 6952.71 કરોડ, 30મે રૂ. 11271.73 કરોડ અને 1લીએ રૂ. 10041.84 કરોડનું રોકાણ કર્યુ છે. આમ, આ ચાર દિવસમાં ડીઆઈઆઈએ કુલ રૂ. 33455 કરોડ શેર ખરીદ્યા હતા. આમ, એફઆઈઆઈની વેચવાલી સામે ડીઆઈઆઈ વેચાણનો નોંધપાત્ર હિસ્સો સરભર કર્યો હતો. આમ છતાં, ભારતીય શેરબજારમાં કડાકા ભડાકા જોવા મળ્યા હતા. જેમાં સેન્સેક્સ અને નિફ્ટી 3 ટકાથી વધુ ઘટ્યા હતા. જેથી બજારની આ અસ્થિરતાની અસર રિટેલ રોકાણકારો ઉપર પડી હતી. બીજી તરફ, કરન્સી બજારમાં રૂપિયો સતત નીચે સરકતો જાય છે. જે 96ની સપાટી તોડી ચુક્યો છે.

# HDFC બેન્કના સીઈઓની જાહેરાતના પગલે ટાર્ગેટ પ્રાઈસ રૂ. 950 થયો

**નોમુરાએ** બાય રેટિંગ આપ્યું

મુંબઇ, તા. 2: ઘણા મહિનાઓથી રોકાણકારો એચડીએફસી બેન્કના સતત ઘટતા ભાવથી હતાશ જોવા મળ્યા હતા. એચડીએફસી બેન્કને લઈને એક સવાલ હતો કે આગામી એમડી અને સીઈઓ અંગેનો જવાબ મળી ગયો છે. આરબીઆઈએ નવા એમડી અને સીઈઓ અતરીકે અનુપ બાગચીની નિમણુંકને મંજુરી આપી દીધી છે.

બાગચી 27 ઓકટોબર, 2026થી કાર્યભાર સંભાળશે. તેમનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે. તે શશીધર જગદીસનની જગ્યા લેશે. જગદીસનનો કાર્યકાળ 26 ઓકટોબરે સમાપ્ત થાય છે. બાગચીને 2 ઓકટોબરથી બેન્ક એડીશનલ ડિરેકટર તરીકે પણ નિમણુંક કરવામાં આવી છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ ’’ | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ ’’ | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૩૫૦૦ |
| તેજાબી સોનું | ૧૫૩૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૮૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૦૪૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૯૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૫૦૦ |